સંસારનો સૌથી સુખી માણસ એ છે જે પોતાના ઘરમાં જ પરમ શાંતિ અનુભવે છે
- જ્ઞાનસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૦૫ | ૨૫ જૂન, ૨૦૧૪, બુધવાર; જેઠ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વરસાદનો ઈન્તજાર લંબાયો, ગરમી વધી

ગાંધીનગર, તા.૨૪

ઋતુઓના નિશ્ચિત કેલેન્ડર મુજબ તો ગુજરાતમાં ચોમાસાની ઋતુ શરૂ થઈ ગઈ છે પરંતુ કયાંય વરસાદના એંધાણ નથી. ગાંધીનગરવાસીઓ હજુ મૌસમના પ્રથમ વરસાદની રાહ જોઈ રહ્યા છે. તાપમાનનો પારો પુનઃ ૪૧ ડિગ્રીએ પહોંચી જતા વસાહતીઓ ભારે ગરમીનો અનુભવ કરી રહ્યા છે.

ઘણા મહિનાઓથી કાળઝાળ ગરમીનો સામનો કરી રહેલા ગાંધીનગરવાસીઓ વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે.જો કે આકાશમાંહજુ કોઈ વરસાદી ગતિવિધિ જોવા ન મળતા ચિંતાના વાદળો ઘેરાયા છે. પવન ખુબ ફુંકાય છે પરતુ વરસાદી વાદળો આવતા નથી. વરસાદની શરૂઆતમાં થતી વિજળીના ચમકારા દુર સુધી કયાંય જોવા મળતા નથી. વરસાદી વાતાવરણ ન બંધાતા ગરમી પણ આકરી પડી રહી છે. મહત્તમ તાપમાન પુનઃ ૪૧ ડિગ્રીએ પહોંચી ગયું છે. જયારે લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. રહ્યું છે. ભેજનું પ્રમાણ સવારે ૬૦ ટકા અને સાંજે ૩૩ ટકા રહ્યું છે. વરસાદના કયાંય એંધાણ ન દેખાતા હવામાન વિભાગે ચિંતાજનક આગાહી કરતા જણાવ્યું છે કે હજુ ચોમાસાનો ઈન્તજાર લંબાઈ શકે છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

## વરસાદ ખેંચાતા સર્જાયેલ સ્થિતિ પર આજે મંત્રીમંડળમાં ચર્ચા

### ઘાસચારાની સ્થિતિ તેમજ વાવણી અને પેયજળની સ્થિતિ અંગે કલેકટરોને તાત્કાલિક સમીક્ષા કરવા જણાવાયું

ગાંધીનગર, તા.૨૪

રાજયભરમાં વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી સ્થિતિને લઈ આજે રાજય મંત્રી મંડળમાં ચર્ચાઓ થશે તેવા સ્પષ્ટ સંકેત સચિવાલય સાથે સંકળાયેલા વિશ્વસનીય સૂત્રોએ આપ્યા છે.

રાજયમાં વરસાદ ખેંચાતા પીવાના પાણીની સ્થતિ, કૃષિની સ્થિતિ ખાસ કરીને પશુધનને માટે ઘાસચારાની સ્થિતિ વિગેરે બાબતોને આવરી લઈ દરેક કલેકટરોને પણ તાત્કાલિક આયોજન અને સમીક્ષા કરવાના આદેશો જારી કર્યા છે. બીજી તરફ રાજય સરકારના વેધર વોચ ગૃપની પણ એક મહત્વની બેઠક મળી હતી. જેમાં હાલની સ્થિતિને લઈ સમીક્ષા કરવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ રાજયના કૃષિ વિભાગે આકસ્મિક પાક આયોજન તૈયાર કરવાના આદેશો જારી કર્યા બાદ હવે દરેક જિલ્લામાં ઘાસાચારની સ્થિતિને લઈ અહેવાલ તૈયાર કરવા જણાવ્યું છે.

પાછોતરો વરસાદ સારો થાય ત્યારે વધુ પ્રમાણમાં ઘાસચારાનું વાવેતર થાય તે માટે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેના પર પણ ભાર મુકવામાં આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે દરેક જિલ્લામાં ઘાસચારાની સ્થિતિ અંગે જિલ્લા કલેકટરોને પણ અહેવાલ આપવા જણાવાયું છે.

ચોમાસુ મોડું થવાના સંકેતો ને પગલે જિલ્લાઓમાં બિયારણ, ખાતરની ઉપલબ્ધિ અંગે પણ અહેવાલમાં વિગતો દર્શાવવા જણાવવામાં આવ્યું છે.

બીજી તરફ પાણી પુરવઠા વિભાગે પણ જિલ્લાઓમાં પેયજળની સ્થિતિ અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરવા જિલ્લાની કચેરીઓને સૂચનાઓ આપી દીધી છે.

આજે રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાનેમળનારી બેઠકમાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી સ્થિતિ પર સર્વગ્રાહી સમીક્ષા કરી અને તંત્રને સતર્કતા દાખવી પરિસ્થિતિ પર નજર રાખવા માટે કહેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

## જિલ્લાના ૧૩૮ ગામોમાં કચરાના નિકાલ માટે અલાયદુ વ્યવસ્થાપન તંત્ર રચાશે

ગાંધીનગર, તા.૨૪

જિલ્લાના ૧૩૮ ગામોમાં ઘન અને પ્રવાહી કચરાના નિકાલ માટેનું વ્યવસ્થાપન તાકીદે ગોઠવવા તેમજ તે અંગેની વહીવટીય મંજૂરીઓ પણ આપવા માટેની કાર્યવાહીમાં ગતિ લાવવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકટર મેકવાને આજે સૂચનાઓ આપી છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની જિલ્લા પંચાયત ખાતે મળેલ કારોબારી સમિતિની બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી બોલતાં શ્રી મેકવાને જણાવ્યું હતું કે ચૂંટણીની આચાર સંહિતાને પગલે જે કામો બંધ થયા હતા તે ઝડપથી કાર્યાન્વિત કરવામાં આવે.

તેમણે ૨૫ ટકાથી ઓછી કામગીરી મનરેગામાં જયાં થઈ છે તેવા રોજગાર સેવકોના ખુલાસા પુછવા માટે પણ સૂચના આપી છે. મનરેગામાં આ વખતે નબળી શરૂઆત થઈ છે તે બરાબર નથી.

ઈન્દિરા આવાસ યોજનાના સ્પીલ ઓવર થતા ૧૧૦૮ આવાસોનું મોનીટરીંગ અસરકારક રીતે થાય તે જોવા તમામ તાલુકા વિકાસ અધિકારીઓને તેમણે સૂચવ્યું છે. આ કામો ગયા વર્ષથી સ્પીલ ઓવર થતા આવ છે તે અત્યંત દુઃખદ લેખાવતાં તેમણે જરૂર પડયે સમયબધ્ધ રીતે કામો આગળ વધે તે રીતે મોનીટરીંગ થોડુક સખ્તાઈથી કરવા જણાવ્યું હતું.

સ્વસહાય જૂથોની રચના અને તેના અપગ્રેડેશન માટે પણ જે ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે તે દૂર કરવા તેમણે જણાવ્યું હતું કે અને બેંકો સાથે પણ જરૂર પડયે અલગથી બેઠક કરવાની તૈયારી દર્શાવી હતી. સખી મંડળોના ગ્રેડીંગની કાર્યવાહીમાં પણ ગતિ આવે તેમજ સખી મંડળો વધુ કાર્યરત થાય તે જોવા પણ જણાવ્યું હતું.

નિર્મળ ભારત અભિયાન અને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત સ્વચ્છતા અભિયાન અસરકારક રીતે હાથ ધરાય તે જોવા પણ તંત્રના અધિકારીઓને કહ્યું હતું.

## પોલીસ ભરતીમાં ૩૩ ટકા મહિલા અનામત

### કરાઈમાં નવપ્રશિક્ષિત પોલીસ અધિકારીઓની શાનદાર પરેડ : ગુજરાત પોલીસ સેવામાં હાલ જોડાયેલ નવપ્રશિક્ષિત અધિકારીઓને સામાન્ય નાગરિકોની સેવા સુરક્ષા સહાય માટે ઉત્તમ દાયિત્વ નિભાવવા અપીલ કરી

અમદાવાદ, તા.૨૪

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે પોલીસ ભરતીમાં તમામ કેડરમાં ૩૩ ટકા મહિલા અનામતની જાહેરાત કરી હતી. ગાંધીનગરના કરાઈ ખાતે આનંદીબેને ગુજરાત પોલીસ સેવામાં જોડાયેલ નવપ્રશિક્ષિત અધિકારીઓને સામાન્ય નાગરિકોની સેવા સુરક્ષા સહાય માટેનું ઉત્તમ દાયિત્વ નિભાવવા આહવાન કર્યું હતું. હથિયારી મુખ્યમંત્રીએ સલામી નિરીક્ષણ કર્યું હતું.

ગુજરાત સરાકરે પોલીસતંત્રની સુરક્ષા સેવાઓને આધુનિક ઓપ આપવા રાજયની રક્ષાશક્તિ યુનિવર્સિટી, ફોરેન્સિક સલામતીની દ્રષ્ટિએ શિરમોર બન્યું છે તેની વિગતો મુખ્યમંત્રી આપી હતી. રાજયમાં ક્રાઈમ રેઈટ દેશમાં સૌથી નીચો છે અને ગુજરાતનો છેલ્લો એક દશક શાંતિ અને સલામતીના વિકાસને પોષક બન્યો પોલીસતંત્રને ફાળે જાય છે. મુખ્યમંત્રીએ કહ્યું કે અનેક કપરા સંજોગો અને નકારાત્મકના વાતાવરણ વચ્ચે ગુજરાત પોલીસનો આત્મવિશ્વાસ જળવાઈ રહ્યો છે અને સમાજની સલામતી માટે નાગરીકને સલામતીનો વિશ્વસા આપે તે અંગેનું પ્રેરક

ચિંતન રજુ કરતાં જણાવ્યું કે સમાજને રંજાડતા ગુનેગારોને શિક્ષા થાય તેની સાથોસાથ સામાન્ય પ્રજાજનને સલામતીનો પોલીસ ઉપરનો ભરોસો બેસે તેવું ઉત્તમ

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

આવેલી ગુજરાત પોલીસ એકેડેમીમાં ભરતીની પાસિંગ આઉટ પરેડ બાદ પત્રકારો સાથેની વાતચીતમાં આનંદીબેને આ મુજબની જાહેરાત કરી હતી. પોલીસ સબ ઈન્સ્પેકટર સંવર્ગના ૯૬ અને ઈન્ટેલિજન્સ ઓફિસર સંવર્ગના ૩૮ નવ પ્રશિક્ષિત તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ થતાં શાનદાર દિક્ષાંત પરેડની સાયન્સ યુનિવર્સિટી અને ગુજરાત લો યુનિવર્સિટીના અભ્યાસક્રમો સાથે સંયોજન કર્યું છે, આના પરિણામે સમાજ અને રાષ્ટ્રના જીવનમાં ગુજરાત શાંતિ અને છે તેનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાત કરફયુમુક્ત રહ્યું અને રાજયની વિકાસયાત્રા શાંતિ સલામતી સુરક્ષા સાથે સતત આગળ વધી રહી છે તેનું શ્રેય અવિરત પરિશ્રમ કરે છે. આનંદીબેન પટેલે કઠોર પરિશ્રમની અને કૌશલ્યની તાલીમ લઈ ને પોલીસ સેવામાં જોડાઈ રહેલા આ પોલીસ અધિકારીઓ સામાન્ય

## ફાજલ શિક્ષકોના હક્કને રક્ષણ માટે નવી જ પોલિસી બનાવાશે

### શિક્ષણ વિભાગે ફાજલ શિક્ષકોની વિગતો મેળવી : માધ્યમિક શાળાઓમાં મોટી સંખ્યામાં ફાજલ શિક્ષકોની સમસ્યાનો નિકાલ હજુ સુધી આવ્યો ન હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૪

ધોરણ-૮ને પ્રાથમિક શાળામાં સમાવ્યા બાદ માધ્યમિક શાળાઓમાં મોટી સંખ્યામાં ફાજલ પાડેલા શિક્ષણની સમસ્યાઓનો નિકાલ હજુ સુધી આવ્યો નથી ત્યારે શિક્ષણ વિભાગે આવા ફાજલ શિક્ષકો માટે નવી નિતી તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે. આ નવી નિતીમાં ફાજલ શિક્ષકોના હક્કોને રક્ષણ મળે તેવા નિયમો ઘડવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં વર્ષ ૧૯૯૮ સુધી વિવિધ કારણોસર ફાજલ પણ શિક્ષકોને રાજય સરકાર દ્વારા રક્ષણ આપવામાં આવતું હતું પરંતુ છેલ્લા ૧૬ વર્ષથી એટલે કે ૧૯૯૮ પછી સરકારે ફાજલ શિક્ષકોને રક્ષણ આપવાનું બંધ ખરી દીધું હતું. જેના કારણે વર્ષ પ્રતિવર્ષ ફાજલ શિક્ષકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે તેમાંય ધોરણ-૮ને પ્રાથમિક વિભાગમાં સમાવ્યા બાદ માધ્યમિક શાળાઓમાં મોટી સંખ્યામાં શિક્ષકો ફાજલ પડ્યા હતા. ફાજલ શિક્ષકોના મામલે ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક સંઘ અને શિક્ષક સંઘના આગેવાનો દ્વારા ફાજલ શિક્ષકોને રક્ષણ આપવા મુદ્દે તેમજ તે અંગે કોઈ સરક્ષણાત્મક નીતિ ઘડવા બાબતે શિક્ષણ વિભાગે વારંવાર રજુઆત કરવામાં આવી હતી.

## NEWS બિટ્સ

### ● હવે ફ્લાઈટમાં અપાશે ગુજરાતી થાળી

ગુજરાતી લોકોના તેમના પરંપરાગત ભોજન માટેના પ્રેમને ધ્યાને લઈને અમુક ટોચની આંતરરાષ્ટ્રીય વિમાની કંપનીઓ



લાંબા અંતરની મુસાફરીમાં ગુજરાતી મેનુ ઓફર કરી રહી છે. દુબાઈ સ્થિત એમીરેટ્સ એરલાઈન્સે અમદાવાદ-બોસ્ટનની ફલાઈટના મેનુમાં તુરીયા, વટાણા, મુઠીયાની વાનગી ઉમેરી છે. કોલકત્તા અને કેરળ જતા પ્રવાસીઓ માટે પણ ચેવડો જેવા નાસ્તા રાખવામાં આવ્યા હતા.

### ● જોધપુરમાં પ્રાણીઓની દવાઓ માણસોને અપાઈ

જોધપુરની સરકારી હોસ્પિટલમાં એ વખતે હોબાળો મચી ગયો જયારે હોસ્પિટલના



નિવાસી તબીબે એક ઈન્જેકશન આપતા પહેલા તેના પર લગાવેલુ લેબલ વાંચ્યું. આ લેબલ પ્રાણીઓને અપાતા ઈન્જેકશનનું હતું. છેલ્લા દસ દિવસથી આ પ્રકારના ઈન્જેક્શનો હોસ્પિટલમા દાખલ દર્દીઓને અપાતા હતા. રાજસ્થાન સરકારે આ મામલે એક ફાર્માસિસ્ટની હકાલપટ્ટી કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ● એર ઈન્ડિયાનું ખાનગીકરણ કરવા વિચારણા

ભારતની સરકારી વિમાની કંપની એર ઈન્ડિયાને ચલાવવા માટે સરકારે કરોડો-અબજો



રૂપિયાનું પાણી કરવું પડે છે ત્યારે હવે નરેન્દ્ર મોદી સરકારે એર ઈન્ડિયાના ખાનગીકરણની દિશામાં વિચારણા શરૂ કરી દીધી છે. એક રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે એર ઈન્ડિયાની ખોટ એક અબજને આંબી જાય તેમ છે.

### ● બાબુઓને દોડાવતી મોદી સરકાર

સરકારી બાબુઓ માટે મોદી સરકાર દિલ્હીની ગાદી પર



બિરાજમાન થતા જ કપરા દિવસો શરૂ થયા છે. મનમોહનસિંહની સરકારમાં આરામથી કામ કરવા ટેવાયેલા કર્મચારીઓ અને અધિકારીઓને જો તેઓ કામ પર સમયસર નહી આવે તો નોટીસ અપાશે. જરૂર પડે તો તેઓની આપેલી રજા પર પણ કાપ મુકાશે.

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

વેચવાની છે
ઈન્ડિકા-ડીઝલ ગાંડી, વ્હાઈટ ૨૦૦૫ મોડલ,
કિંમત ૯૯,૦૦૦ ફીક્સ
મો. : ૯૯૦૯૯૧૦૭૧૮

NATIONAL INSTITUTE OF FASHION TECHNOLOGY, GANDHINAGAR
(A statutory body under the NIFT Act 2006, and setup by Ministry of Textiles, Govt. of India)
NIFT Campus, GH-0 Road, Gandhinagar – 382007
Phone No. 079-23265000, 23240832-34, Fax : 079-23240772
Accommodation required for NIFT students
Academic Year of NIFT Gandhinagar Centre will commence from 23rd July 2014. All who are interested to offer PG accommodation, preferably in the vicinity of NIFT campus, to the boys and girls students of NIFT Gandhinagar Centre are requested to submit the details of accommodation, facilities available and terms and conditions on email id jointdirector.gandhinagar@nift.ac.in or submit to the undersigned on or before 11th July 2014.
Date : 25/06/2014
Joint Director

GPSC (1/2) Dy.SP / DC / મામલતદાર / SO / TDO / DR
CSAT/GS 351 કુલ જગ્યાઓ
નોકરી / ધંધો તથા અભ્યાસ કરતા ઉમેદવારો માટે સ્પેશ્યલ સમયને અનુરૂપ નવી બેચ શરૂ !
રવિવાર માટેની સ્પેશ્યલ બેચ — બેચ શરૂ તા. : 06.07.14 — સમય : સવારના 8.45 થી 3 — ભણવાના દિવસ : રવિવાર
શનિ / રવિની ખાસ બેચ — બેચ શરૂ તા. : 12.07.14 — સમય : સાંજના 6.30 થી 10.30 — ભણવાના દિવસ : શનિ / રવિ
સોમ થી શુક્ર (રાત્રિ ની બેચ) — બેચ શરૂ થવાની તા. : 09.07.2014 — બેચનો સમય : રાત્રિના 8.45 થી 10.45
સોમ થી શુક્ર (સાંજની બેચ) — બેચ શરૂ થવાની તા. : 02.07.2014 — બેચનો સમય : સાંજના 6.30 થી 8.30
સોમવાર થી શુક્રવાર — (1) બેચ શરૂ થવાની તા. : 04.07.2014 — સમય : સવારના 10.30 થી 12.30 — (2) બેચ શરૂ થવાની તા. : 26.06.2014 — બેચનો સમય : સાંજના 4.15 થી 6.15
GPSC (1/2)
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
ફી ₹ 28,000/- (M) ₹ 24,000/- (F)
પરીક્ષાના સમય સુધીનો અભ્યાસક્રમ (Max.6 months)
માસ્ટર કોર્ષ-2014 તલાટી / કલાર્ક (વર્ગ-3 માટે જ)
ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M) ચાર (4) માસનો કોર્ષ
સોમ થી શુક્ર 21.6.14 બપોરના 12-45 થી 2-15 27.6.14 બપોરના 2-30 થી 4-00
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, વિરાગ પ્લાઝા, આર્વન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા
GPSC (વર્ગ 1/2) : વર્ષ 2006-07, 2000માં TCCIનું સરેરાશ પરીણામ (P/M/I) 98.37%